| GJBK060011092025 | | | | |
|---|---|---|---|---|
| | દાખલ તારીખ : | ૦૮/૦૮/૨૦૨૫ | | |
| | રજીસ્ટર કર્યા તારીખ : | ૦૮/૦૮/૨૦૨૫ | | |
| | ફેસલ થયા તારીખ : | ૦૧/૦૪/૨૦૨૬ | | |
| | સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૭ | ૨૪ |

---

દિયોદરના મહે.એડીશનલ ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,
મું.દિયોદર

---

ક્રિમીનલ કેસ નંબર–૯૩૬/૨૦૨૫
આંક. ૨૪

<u>ફરિયાદી</u> :– શ્રી સરકાર

<u>વિરૂધ્ધ</u>

<u>આરોપી</u> :– (૧) વિનોદકુમાર સ/ઓ પ્રકાશચંદ સ/ઓ
ભગારામ સાહુ(વિશ્નોઈ)
રહે.ડાઉકીયો કી ઢાણી હેમાગુડા,
તા.ચિતલવાણા, જિ.જાલોર(રાજસ્થાન)

તહોમત :– પ્રોહીબીશન એકટની કલમ ૬૫એઈ,૧૧૬(૨),૯૮(૨),૮૧, મુજબ...

ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી–એસ.આર.બ્રાહ્મણ
બચાવપક્ષે આરોપી તરફે વિ.વકીલશ્રી–બી.કે.પરમાર

---

–: ચુકાદો:–

---

(૧) ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૬/૦૪/૨૦૨૫ ના ક.૨૧:૫૦ વાગ્યે આરોપી નં.૨ ગાડી ચાલક ક કમલેશ સ.ઓ. ઠાકરામ વિશ્નોઈ સાથે સ્વીફટ ગાડી વી.ડી.આઈ. જેનો આર.ટી.ઓ રજીસ્ટાર નં. જી.જે.૧૦બી.જે.૭૮૮૩ વાળીમાં

ગે.કા.વગર પાસ પરમીટનો ભારતીય બનાવટના વિદેશીદારૂ/બિયર ટીનની કુલ બોટલ નંગ.૬૫૮ કિં.રૂા.૧,૪૭,૩૧૦/–નો મુદ્દામાલ રાખી હેરાફેરી કરી સ્વીફ્ટ વી.ડી.આઈ. ગાડી કિ.રૂા.૩,૦૦,૦૦૦/– તથા મોબાઈલ નંગ–૪ જેની કુલ કિં.રૂા.૩૭,૦૦૦/– મળી કુલ કિ. રૂા. ૪,૮૪, ૩૧૦/– ના મુદ્દામાલ સાથે રેઈડ દરમિયાન આરોપી નં .૧ પકડાઈ જઈ તથા આરોપી નં.૨ ગાડીનો ચાલક ગાડીમાંથી ઉતરી ભાગી જઈ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી પ્રોહીબીશન એકટની કલમ–૬૫એઈ,૧૧૬(૨),૯૮(૨),૮૧ મુજબનો શીક્ષાને પાત્ર ગુનો અત્રેની અદાલતની હુકુમતમા કરેલ છે. જે મતલબનુ તપાસના અંતે ત.ક.અમલદારે આરોપી સામે કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આ કામના આરોપીઓને સંમસ કરતાં આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦** મુજબ આરોપીને પોલીસ પેપર્સની નકલો સોંપવામાં આવેલી અને આરોપી ઉપર આક્ષેપિત ગુના સબબ તહોમતનામું **આંક–૦૬** થી ફરમાવતાં **આંક–૦૭** થી લેવામાં આવેલ નિવેદનમાં તેઓની સામેના ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી, ફરિયાદપક્ષે ન્યાય નિર્ણય માટે સદર કેસ આગળ ચલાવી ફરિયાદપક્ષનો પુરાવો નોંધેલ છે.

(૩) ફરિયાદપક્ષે આરોપી સામે આક્ષેપિત ગુનો નિ:શંકપણે પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ થયેલ છે.

**મૌખિક પુરાવા**

| અ.નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| (૧) | પંચ પ્રવિણભાઈ ઠાકરસીભાઈ રાજપુત | ૦૯ |
| (૨) | પંચ સવજીભાઈ પીરાભાઈ કાપડી | ૧૧ |

(૩) ફરિયાદી રઘુભાઈ લક્ષ્મણભાઈ અ.હે.કો. ૧૬

(૪) ત.ક.અધિકારી નયના પ્રતાપભાઈ સોનારા પો.સ.ઈ. ૨૩

**<u>દસ્તાવેજી પુરાવા</u>**

| <u>અ.નં.</u> | <u>દસ્તાવેજની વિગત</u> | <u>આંક</u> |
|---|---|---|
| (૧) | પંચનામું | ૧૦ |
| (૨) | ફરિયાદ | ૧૭ |
| (૩) | સુચિપત્રક | ૧૮ |
| (૪) | રવાનગી પત્રક | ૧૯ |

(૪) ફરિયાદપક્ષે પુરાવો પુર્ણ થયાનું જાહેર થતાં **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNNS )ની કલમ–૩૫૧** મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ ફરિયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે અને આરોપી ઓએ વિશેષ નિવેદનમાં જણાવેલ છે કે, તેમની સામે ખોટો કેસ કરેલ છે તેઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા વિનંતી કરેલ છે. ત્યારબાદ સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રીની તથા બચાવપક્ષે વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

(૫) સદર કેસના ન્યાયચિક નિર્ણય અર્થે અત્રેની કોર્ટ દવારા નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત કરેલા છે.

**<u>મુદ્દા :–</u>**

**૧.** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએતા.૨૬/૦૪/૨૦૨૫ ના ક.૨૧:૫૦

વાગ્યે આરોપી નં.૨ ગાડી ચાલક ક કમલેશ સ.ઓ. ઠાકરામ વિશ્નોઈ સાથે સ્વીફ્ટ ગાડી વી.ડી.આઈ. જેનો આર.ટી.ઓ રજીસ્ટાર નં. જી.જે.૧૦બી.જે.૭૮૮૩ વાળીમાં ગે.કા.વગર પાસ પરમીટનો ભારતીય બનાવટના વિદેશીદારૂ/બિયર ટીનની કુલ બોટલ નંગ.૬૫૮ કિં.રૂા.૧,૪૭,૩૧૦/–નો મુદ્દામાલ રાખી હેરાફેરી કરી સ્વીફ્ટ વી.ડી.આઈ. ગાડી કિ.રૂા.૩,૦૦,૦૦૦/– તથા મોબાઈલ નંગ–૪ જેની કુલ કિં.રૂા.૩૭,૦૦૦/– મળી કુલ કિ. રૂા. ૪,૮૪, ૩૧૦/–ના મુદ્દામાલ સાથે રેઈડ દરમિયાન આરોપી નં.૧ પકડાઈ જઈ તથા આરોપી નં.૨ ગાડીનો ચાલક ગાડીમાંથી ઉતરી ભાગી જઈ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી પ્રોહી.એકટની કલમ–૬૫એઈ, ૧૧૬(૨), ૯૮(૨), ૮૧ મુજબનો શીક્ષનેપાત્ર ગુનો અત્રેની અદાલતની હુકુમતમાં કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

**–: <u>કારણો</u> :–**

<u>મુદ્દા નં.૧</u>

(૮) મુદ્દા નં.૧નું સ્વરૂપ તથા હાલના આરોપી વિરુદધના આક્ષેપિત ગુનાના આક્ષેપના સ્વરૂપને ધ્યાને લેતાં તથા આરોપી સામેના આક્ષેપિત ગુનાની જોગવાઈઓના હાર્દને જોતાં હાલના આક્ષેપ

મુજબનો બનાવ બનવા પામેલ હોયતેવી બાબત પુરતા અને નિ:શંક પુરાવાથી પુરવાર કરવાનો બોજો ફરિયાદપક્ષના શિરે રહેલ છે. સદરહુ કામે પુરાવાનું મૂલ્યાંકન કરતાં પહેલાં અત્રે ઉલ્લેખનીય છે કે, ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદધાંત અનુસાર આરોપી વિરુદધનો ગુનો જયાં સુધી નિ:શંકપણે પુરવાર ના થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું કાયદાનું અનુમાન છે અને સાથે સાથે એક એવું પણ અનુમાન હોય છે કે જે સાહેદ કોર્ટ સમક્ષ સોગંદ ઉપર પુરાવો આપે છે તે સત્ય હકીકત જણાવે છે. પુરાવાનું મૂલ્યાંકન કરવા અંગે કાયદામાં કોઈ માર્ગદર્શન આપવામાં આવેલ નથી. પરંતુ દરેક કેસના અને હકીકતોના સંદર્ભે રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહેલ છે અને પાયાના સુસ્થાપિત સિદધાંતોને ધ્યાને લઈને રજૂ આ કામે રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવેલ છે.

(૯) **<u>રેકર્ડ પર રજૂ પંચનામા અંગે :–</u>**

ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામે **આંક.૦૯ થી પંચ પ્રવિણભાઈ ઠાકરસીભાઈ રાજપુત તથા આંક.૧૧ થી પંચ પંચ સવજીભાઈ પીરાભાઈ કાપડી**ને કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસ ેલ છે. આ પંચ સાહેદની જુબાની વંચાણે લેતાં, તેઓએ મુખ્યત્વે જણાવેલ છે કે, પોલીસે તેઓની એક તૈયાર પંચનામામાં સહી લીધેલાની હકીકત રેકર્ડ પર રજૂ થયેલ છે. આ પંચસાહેદો પં ચનામાની વિગતમાં પંચનામામાં શું લખેલું ? તે વિશે તેઓ કાંઈ જાણતા નથી કે જણાવતા નથી. પંચસાહેદો માત્ર પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. પંચનામામાં વિશેષ કોઈ પુરાવો આપેલ નથી. જેથી, તેઓ બંને પં

ચ સાહેદોને વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદ પક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિધ્વાન એ.પી.પી.શ્રીએ અદાલતની પરવાનગી મેળવી પંચ સાહેદોની ઉલટતપાસ કરી સુચક સવાલો પુછેલ છે, પરંતુ ઉલટતપાસમાં તેઓશ્રી એવી કોઈ ફળદાયી વિગતો બહાર કઢાવવામાં સફળ થયેલ નથી. આમ, સદર પંચસાહેદો **આં ક.૧૦** થી રજૂ પંચનામાને સમર્થન કે અનુમોદન આપેલ ન હોય, સદર પંચસાહેદોની જુબાનીઓ ઉપરથી પંચનામાની હકીકતો નિ:શંકપણે પુરવાર થયેલ નથી.

(૧૦) <u>**ફરિયાદપક્ષે રજૂ પુરાવા અંગે :–**</u>

૧૦/૧) વધુમાં, ફરિયાદપક્ષે કેસ પુરવાર કરવા **આંક.૧૬ થી ફરિયાદી રઘુભાઈ લક્ષ્મણભાઈ અ.હે.કો.** નાઓને સોગંદ ઉપર તપાસેલ છે. આ કામે ફરિયાદીની કોર્ટ રૂબરૂ રજૂ જુબાની વંચાણે લેતાં ફરિયાદીએ મુખ્યત્વે તેમની ફરિયાદને અનુરૂપ પુરાવો આપી જણાવેલ છે કે, તા.૨૬/૦૪/૨૦૨૫ ના રોજ તેઓ તથા પો.સ્ટાફના માણસો દીયોદર પો.સ્ટે.ના ચીભડા ઓ.પી.ના ગામડાઓમાં પેટ્રોલીંગમાં હતા તે દરમીયાનચીભડા ગામે આવતા તેઓને ખાનગી રાહે બાતમી મળેલ કે, સણાવ ગામ તરફથી એક સફેદ કલરની સ્વીફ્ટ ગાડી નં.જી.જે.૧૦.એ.પી.૭૮૮૩ નો ચાલક ગાડીમાં ભારતીય બનાવટનો વિદેશી દારુ ભરી ગોલવી ગામ તરફ જનાર છે સદર બાતમી આધારે સાથેના પી.એસ.આઈ. શ્રીએ નજીકમાંથી બે પંચો બોલાવી પંચોને સાથે રાખી ચીભડા બસ સ્ટેશન નજીક નાકાબંધી કરી વોચમાં રહેલા તે દરમીયાન સણાવ તરફથી એક સફેદ કલરની સ્વીફ્ટ ગાડી આવતાં તેને રોકાવા ઈશારો કરતાં તેના ચાલકે ગાડી ભગાડી

દીધેલ. ત્યારબાદ તેનો પીછો કરતાં ગોલવી ત્રણ રસ્તા થી ગોલવી તરફ જતાં રોડ ઉપર સદર ગાડી ઉભી રખાવતાં આ આરોપી નં.ર ગાડીમાંથી નીચે ઉતરી ભાગી ગયેલ અને બાજુમાં બેસેલ આરોપી નં.ર ગાડીમાંથી ઉતરી ભાગવાનુ કરતા હતા તે દરમિયાન પકડાઈ ગયેલ ત્યારબાદ પકડાયેલ આરોપીને નામઠામ પુછતાં વિનોદકુમાર પ્રકાશ ચંદ્ર ભગારામ સાહુ વાળો હોવાનું જણાવેલ. ત્યારબાદ આ કામના આરોપીને સાથે રાખી ગાડીની પાછળની સીટમાં જોતાં ખાખી પુઠાની પેટીઓ તથા વિદેશી દારુ/બીયરની છુટક બોટલો રાખેલ હોઈ સદર મુદામાલ સ્થળ ઉપર નીચે ઉતારવો હિતાવહ ન હોઈ પકડાયેલ આરોપી સહીત ગાડી તથા મુદામાલ તથા પં ચો સાથે જે તે સ્થીતીમાં દીયોદર પો.સ્ટે. લાવી મુદામાલ નીચે ઉતારી ગણી જોતાં ભારતીય બનાવટના વિદેશી દારૂ/બીયરની કુલ બોટલ નંગ–૬૫૮ કિંમત રૂા.૧,૪૭,૩૧ ૦/– નો વગર પાસ પરમીટનો મળી આવેલ દરેક બ્રાંડમાંથી એક એક બોટલ સેમ્પલ અર્થે કાઢી સેમ્પલ તથા અન્ય મુદામાલ પંચનામાની વિગતે તપાસ અર્થે કબજે લીધેલ તથા સ્વીફ્ટ ગાડી કી.રૂા.૩,૦૦,૦૦૦/– ની ગણી પંચનામાની વિગતે તપાસ અર્થે કબજે લીધેલ.ત્યારબાદ ગાડીની માલીકી બાબતના સાધનિક કાગળોની તપાસ કરતાં મળી આવેલ નહી પરંતુ બે એન્ડ્રોઈડ ફોન મળી આવેલ. જે બાબતે આ કામના આરોપીને પુછતાં બં ન્ને મોબાઈલ ગાડી ચાલક કમલેશ ઠાકરારામ સાહુ વાળા જે ગાડીમાંથી ઉતરીને ભાગી ગયેલ છે તેમના હોવાનુ જણાવેલ. ત્યારબાદ બંન્ને સેમસંગ કંપનીના મોબાઈલ જેની કુલ કી.રૂા.૧

૦,૦૦૦/–ની ગણી પંચનામાની વિગતે બંને મોબાઈલ તપાસ અર્થે કબજે લીધેલ તથા પકડાયેલ આ કામના આરોપીની અંગઝડતી કરતાં તેના પેન્ટના ખીસ્સામાંથી તુટેલી ફુટેલી હાલતના બે એન્ડ્રોઈડ મોબાઈલ મળી આવેલ. જેમાં વિવો કં પનીનો રૂા.૨૦૦૦/– નો ગણી તથા એપલ કંપનીનો કી.રૂા.૨૫૦૦૦/– નો ગણી પંચનામાની વિગતે તપાસ અર્થે કબજે લઈ તે અંગેનુ વિગતવારનુ પંચનામુસાથેના પી.એસ.આઈ.એ પંચોના લખાવ્યા મુજબનું ખરૂ અને બરાબર લખી લીધેલું. ત્યારબાદ સદર બનાવ સંદર્ભે આરોપીઓ વિરૂઘ્ધ વિરુઘ્ધ પ્રોહી એકટની કલમ– ૬૫એઈ,૧૧૬(૨),૯૮(૨),૮૧ મુજબ શ્રી સરકાર તરફે ફરીયાદ આપેલી. ફરીયાદ આપતી વખતે સેમ્પલ,પંચનામુ તથા અન્ય મુદામાલ તથા પકડાયેલ ઈસમ પી.એસ.ઓ. સમક્ષ જમા કરાવેલ. તેઓની ફરીયાદ આધારે પી.એસ.ઓ.શ્રીએ દીયોદર પો.સ્ટે. પાર્ટ–સી. ગુ.ર.નં.૦૨૯૦/૨૦૨૫ થી પ્રોહી. એકટની કલમ–૬૫એઈ,૧૧૬(૨), ૯૮(૨),૮૧ મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ થવા સારુ પી.એસ.આઈ. એન.પી.સોનારાનાઓ તરફ ડેપ્યુટ કરતાં તેઓએ ગુનાની તપાસ સંભાળી લીધેલી. ત્યારબાદ શ્રી સોનારાની બદલી થતાં આગળની તપાસ તેઓની તરફ આવતાં તેઓએ ગુનાની તપાસ સંભાળી લીધેલ. ત્યારબાદ સદર બનાવમા સંડોવાયેલ અન્ય આરોપી કમલેશ વિશ્નોઈની તપાસમાં રહેલા પરંતુ તેઓ મળી આવતો ન હોઈ તપાસમાં બનેલ કાગળોનો અભ્યાસ કરતાં પકડાયેલ ઈસમ વિરુઘ્ધ ચાર્જશીટ કરવા જેટલો પુરાવો મળી આવતો હોઈ નહી પકડાયેલ ઈસમને નાશતો ફરતો

બતાવી પકડાયેલ આ કામનાઆરોપી વિરુધ્ધ નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

– ત્યારબાદ, બચાવપક્ષે આરોપી તરફે વિ.વકીલ નાઓએ ફરિયાદી ની ઉલટતપાસ કરતાં તેઓએ સ્વીકારેલ છે કે,પકડાયેલ ઈસમની ઓળખ અંગેના કોઈ દસ્તાવેજી આધાર પુરાવા તેઓની હાજરીમાં કે તપાસ દરમિયાન કબજે કરવામાં આવેલ નહી. વધુમાં સ્વીકારેલ છે કે, પકડાયેલ ગાડીની માલીકી અંગેના કોઈ આધાર પુરાવા તેઓની હાજરીમાં કબજે લેવામાં આવેલ નહી. વધુમાં સ્વીકારેલ છે કે, વૈજ્ઞાનિક પૃથ્થકરણનો અહેવાલ હજુ સુધી આવેલ નથી.

૧૦/૨) ફરિયાદપક્ષે **આંક.૨૩ થી ત.ક.અધિકારી નયના પ્રતાપભાઈ સોનારા પો.સ.ઈ.** નાઓને તેઓની સોગંદ ઉપર જુબાનીમાં જણાવે છે કે,સદર હું રેડમાં તેઓ સાથે સામેલ હતા. અને તેઓ, પોલીસ સ્ટાફના માણસો તથા પંચોની હાજરીમાં આ કામના આરોપીની સ્વીફ્ટ ગાડી માંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની કુલ બોટલ/ટીન નંગ–૬૫૮ કિંમત રૂા.૧,૪૭,૩૧૦/–નો વગર પાસ પરમીટનો મળી આવેલ જે સેમ્પલ તથા સ્વીફ્ટ ગાડી તથા અલગ અલગ કંપનીના કુલ મોબાઈલ નંગ–૪ પંચનામાની વિગતે તપાસ અર્થે કબજે લીધેલ. જે અંગેનું વિગતવારનું પંચનામું તા.૨૬/૦૪/૨૦૨૫ ના ક.૨૧:૫૦ થી ૨૩.૦૦ સુધીનું તેઓએ પંચોના લખાવ્યા મુજબનું લખી લીધેલું તથા રૂબરૂપણામાં પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ સદર ગુનાની ફરિયાદીએ ફરીયાદ આપેલી. ત્યારબાદ સદર ફરીયાદ આધારે પી.એસ.ઓ.શ્રીએ દિયોદર પો.સ્ટે. પાર્ટ સી ગુ.ર.નં

.૦૨૯૦/૨૦૨૫ થી પ્રોહી એકટની કલમ-૬૫એઈ,૧૧૬(૨),૯૮(૨),૮૧ મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ તેઓને ડેપ્યુટ કરતા તેઓએ ગુનાની તપાસ સંભાળી લીધેલી. ત્યારબાદ મુદ્દામાલ સેમ્પલ રવાનગી પત્રક સાથે વૈજ્ઞાનિક પરીક્ષણ અર્થે એફ.એસ.એલ. તરફ મોકલી આપેલુ. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા. ત્યારબાદ પકડાયેલા આરોપીને ગુનાના કામે અટક કરી મુદત અંદર નામ.કોર્ટમાં રજુ કરી વધુ પોલીસ કસ્ટડી મેળવી પુછપરછ કરેલ. ત્યારબાદ પોલીસ કસ્ટડી સમય પુર્ણ થતાં નામ.કોર્ટમાં રજુ કરેલ. ત્યારબાદ તેઓની બદલી થતાં આગળની તપાસ અ.હે.કો. રઘુભાઈ લક્ષ્મણભાઈએ સંભાળી લીધેલ.

- ત્યારબાદ, બચાવપક્ષે આરોપી નં.૧ અને ૩ તરફે વિ.વકીલ નાઓએ ત.ક.અમલદારની ઉલટતપાસ કરતાં તેઓએ સ્વીકારેલ છે કે,પકડાયેલ ઈસમની ઓળખ અંગેના કોઈ આધાર પુરાવા તેઓની હાજરીમાં કે તપાસ દરમિયાન કબજે કરવામાં આવેલ નહી. વધુમાં સ્વીકારેલ છે કે, પકડાયેલ ગાડીની માલીકી અંગેના કોઈ આધાર પુરાવા તેઓની હાજરીમાં કે તપાસ દરમિયાન કબજે લેવામાં આવેલ નહી.

(૧૧) **<u>કેસનું સમગ્રલક્ષી મૂલ્યાંકન :-</u>**

૧૧/૧) રેકર્ડ પર રજૂ પુરાવો ધ્યાને લેતાં બચાવપક્ષે કરાયેલ ઉલટ તપાસમાં ફરિયાદી તથા ત.ક.અમલદાર જેઓ પોલીસ સાહેદ છે. આ કામે તપાસેલ તમામ સાહેદો સ્વીકારી ગયેલ છે કે, બનાવ સ્થળેથી મળી આવેલ ઈસમની ઓળખ અંગેના કોઈ દસ્તાવેજી પુરાવા કબ્જે લીધેલ નહી કે બનાવમાં સંડોવાયેલ મુદ્દામાલ

ગાડીની માલિકી અંગેના કોઈ આધાર પુરાવા તેઓની તપાસના કામે કબજે લેવામાં આવેલ નથી. વધુમાં આ કામે વૈજ્ઞાનિક પરીક્ષણનો અહેવાલ આવેલ નથી. આમ, ત.ક. અમલદારની જુબાની ધ્યાને લેતાં ત.ક.અમલદાર જેઓ પોલીસ સાહેદ છે વધુમાં , રેકર્ડ પર રજૂ ફરિયાદી તથા ત.ક. અધિકારીની જુબાની તથા રેકર્ડ વંચાણે લેતાં આ કામે ફરિયાદપક્ષે, બનાવવાળી જગ્યાએ સહેલાઈથી સ્વતંત્ર સાહેદો મળી રહે તેમ હોવા છતાં તેવા કોઈ જ સ્વતંત્ર સાહેદોને આ કામે તપાસેલા નથી. તેમજ, **રેકર્ડ પર રજૂ <u>ફરિયાદમાં પંચોના નામ સરનામા તથા</u> <u>પેટ્રોલીંગમાં વપરાયેલ વાહનનું વર્ણન તથા બનાવવાળી જગ્યાએ પહોંચવા તથા નિકળવાનો સમય જણાવેલ હોય તેવી હકીકત પણ પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. વધુમાં, આ કામે કબજે કરેલ મુદ્દામાલનો એફ.એસ.એલ રીપોર્ટ પણ આ કામે રજૂ થયેલ નથી.</u>** ત્યારે આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મુદ્દામાલ મળી આવેલ હોય તેવી મહત્વની હકીકત પણ પુરવાર કરવા નિષ્ફળ રહેલા છે.

૧૧/૨) વધુમાં, ફરિયાદપક્ષે બનાવવાળી જગ્યાએથી મુદ્દામાલ વિદેશીદારૂ પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ. જે અંગે વિગતવાર પંચનામું રજૂ થયેલ છે. આ કામે રેકર્ડે થયેલ પંચસાહેદોનો પુરાવો એકી સાથે જોવામાં આવે તો પોલીસે તેમને લખેલા કાગળમાં સહી કરવા કહેતાં, સહી કરી આપેલ હોવા બાબતને સમર્થન આપેલ છે. સદર ગુનાના કામે પંચનામું રજુ થયેલ, પરંતુ પંચનામાની વિગત પુરવાર કરેલ નથી. તેથી, રેકર્ડ પર રજૂ પંચનામું બિનપુરવાર રહેલ છે. સૌથી મહત્વની બાબત એ છે કે, આ કામે પકડવામાં આવેલ કેફી પદાર્થ વિદેશીદારૂ જ હતો તે બાબતે કોઈ એફ.એસ.એલ.

પૃથ્થકરણ અહેવાલ આ ગુનાના કામે ફરિયાદપક્ષ તરફથી પુરાવામાં રજુ કરવામાં આવેલ નથી.

૧૧/૩) આ કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદો ઈન્ટરેસ્ટેડ વીટનેશ ગણી શકાય. તેમ છતાં, જો તેઓની જુબાનીને સ્વતંત્ર પંચ સાહેદોનું સમર્થન મળ્યુ હોત તો ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોની જુબાનીને સર્મથનકારી પુરાવા તરીકે ગ્રાહ્ય રાખી શકાત. પરંતુ, જયારે સ્વતંત્ર સાહેદોનું ફરિયાદ પક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થયેલ નથી. ત્યારે, એકમાત્ર પોલીસ સાહેદોની જુબાની તથા રજુ પુરાવાના આધારે આરોપી સામેનો કેસ પુરવાર થતો નથી. **વધુમાં, આરોપી પાસેથી મુદ્દામાલ પ્રોહી કબજે કરેલ છે તેવી હકીકત સાબિત કરવા માટે આજના ડિજીટલ યુગમાં જયારે પોલીસ સાહેદો પાસે android mobile phone ઉપલબ્ધ હોય છે ત્યારે પંચો સિવાય અન્ય માધ્યમ જેમ કે ઈલેકટ્રોનિક પુરાવો વગેરેથી બીજો પુરાવો રજુ કરી કેસની હકીકત સાબિત કરી શકયા હોત.** પરંતુ, તપાસ કરનાર અધિકારી તરફથી આવી કોઈપણ કાર્યવાહી કરવામાં આવેલ નથી. તેવું રેકોર્ડ જોતાં જણાઈ આવે છે.

૧૧/૪) આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો સ્ટેટ ઓફ ગુજરાત વિરૂદઘ સુરેશભાઈ એસ.પટેલ જી.એચ.જે.૨૦૧૧ (૨૬) પેજ–૧ ધ્યાનમાં લેવો જરૂરી છે જેમાં ઠરાવેલ છે કે, મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી અગર એક પંચસાહેદ ફરી જવાથી પણ જપ્તી અને ઝડતી પ્રોહીબીશનના કેસમાં beyond reasonable doubt પુરવાર થઈ શકે નહીં. Panch witnesses declared hostile–held, prosecution failed to establish case against accused- NO conviction

can be based solely on the basis of evidence of complainant. જેમાં નામદાર હાઈકોર્ટે આરોપીને નિર્દોષ છોડી મૂકવાના ચુકાદાને યથાર્થ ઠરાવેલ છે. હાલના કેસમાં પણ પંચસાહેદો હોસ્ટાઈલ છે આ કામે ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકયો નથી કે કહેવાતો મુદ્દામાલ આરોપીઓના અનન્ય અને સભાન પણાના કબજામાંથી લેવાયેલ છે.

૧૧/૫) આમ, રજુ થયેલા પુરાવાઓનું મુલ્યાંકન અને કાયદાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ ફોજદારી કાર્યવાહીમાં પુરાવ રજૂ કરીને પોતાનો કેસ નિ:શંકપણે એટલે કે beyond reasonable doubt પુરવાર કરવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર હોય છે. ફોજદારી કાર્યવાહીમાં ફરિયાદપક્ષે ગુનાની માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોતી નથી. પરંતુ, ગુનો શંકાથી પર પુરવાર કરવાનો હોય છે. પ્રોહિબીશન જેવા કેસમાં સૌપ્રથમ રેડ કરવામાં આવે છે અને તે રેડ દરમ્યાન ગુનો થતો જણાય તો તે અંગેનું પંચનામું કરી, પ્રતિબંધિત વસ્તુઓ અંગે અનુમાન કરવા માટે કાયદામાં વર્ણવેલ રીતથી પ્રતિબંધિત વસ્તુઓ કબજે લઈ તેના આધારે ફરિયાદ આપવામાં આવે છે. એટલ કે આવા કેસમાં પંચનામું એ પાયાનો પુરાવો બની જતો હોય છે અને ફરિયાદ પક્ષનો આધાર પંચનામા ઉપર રહે છે. એટલે કે, ફરિયાદપક્ષે પંચનામું સાબિત કરવું પડે અને જો પંચનામું સાબિત કરવામાં નિષ્ફળ જાય અને પંચનામા જેવો પાયાનો પુરાવો સાબિત ન થયો હોય તો તેના આધારે કરવામાં આવેલી ફરિયાદનું કોઈ પુરાવાકીય મૂલ્ય રહેતું નથી. તે તમામ સંજોગો તથા રેકર્ડ ધ્યાને લેતાં ફરિયાદમાં આક્ષેપિત બનાવ તેમજ ખરેખર ફરિયાદની

ચોકકસ અને તટસ્થ તપાસ થયેલ હોવાની હકીકત પણ શંકાસ્પદ જણાય છે.

(૧૨) જે રીતે ફરિયાદપક્ષનો કેસ છે તે પ્રમાણે વાંધાજનક મુદ્દામાલ આરોપીનો સભાન, પ્રત્યક્ષ કે પરોક્ષ કબજો હોવાનું સાબિત થવું જોઈએ.એક વખત આરોપીનો કોઈપણ પ્રકારનો કબજો પ્રસ્થાપિત થાય પછીથી સાબિતીનો બોજો આરોપી ઉપર જાય, પરંતુ હાલના કેસમાં દલીલોના ખાતર પણ પંચનામું સાબિત થયેલ માની લઈએ તો, આ કામે આરોપીના કબજા માંથી મુદ્દમાલ પ્રોહી વિદેશીદારૂ મળેલ હોય તેવો કોઈ ઠોસ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૩) વધુમાં પ્રોહીબીશન એકટની કલમ–૧૧૬(૨)ને ધ્યાને લેવામાં આવે તો તેમાં ઈગ્લીશ દારૂ હતો તેવું અનુમાન સાબીત કરવા માટે ઉત્પાદકનો કોઈ જવાબ પણ તપાસ કરનાર અમલદારશ્રીએ લીધેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ નથી. તે સંજોગોમાં અત્રેની અદાલત નામદાર ગુજરાત હાઈકોર્ટના ***ગુલાબભાઈ રણછોડભાઈ અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ ગુજરાત*** ના કેસમાં ***૧૯૯૨(૨) જી.એલ.એચ.(યુ.જે.) પાન નંબર–૧૧*** ઉપર પ્રસિદ્ધ થયેલ ચુકાદા ઉપર આધાર રાખે છે કે જેમાં એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે " જયારે પ્રોસીકયુશન તરફે ઉત્પાદકનો કોઈ જવાબ લીધેલ ન હોય કે લેબલ ની ખરાઈ કરેલ ન હોય તે સંજોગોમાં પ્રોહીબીશન એકટની કલમ–૧૧૬(૨) મુજબ અનુમાન થઈ શકે નહી અને તેથી આરોપીને સજા કરી શકાય નહી." હાલના કેસની હકીકતોને પણ ધ્યાને લેવામાં આવે તો તપાસ કરનાર અમલદારશ્રીએ મુદ્દામાલ ઈગ્લીશ દારૂ બાબતે તેના ઉત્પાદકનો કોઈ જવાબ લીધેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી કે તે બોટલ સીલબંધ હોવા છતાં તેના સીલ અંગેની કોઈ સરખામણી પણ કરેલ હોવાની હકીકત ફરિયાદ પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. તે સંજોગોમાં ઉપરોકત નામદાર વડી અદાલતના ચુકાદાના

આધારે પ્રોહીબીશન એકટની કલમ–૧૧૬(૨)નું અનુમાન થઈ શકે નહી તેમ સ્પષ્ટ ઠરાવેલ હોઈ અને આ કામે ઉપરોકત રજુ થયેલ પુરાવો જોતાં મુદ્દામાલ રીકવરી અંગેના પંચનામાના પંચ સાહેદે મુદ્દામાલ રીકવરી અંગેના પંચનામાની હકીકતોને સમર્થન કે અનુમોદન આપેલ નથી કે આ કામે ઉત્પાદકનો પણ કોઈ જવાબ લેવા્માં આવેલ નથી કે તેઓને હાલના કામે તપાસવામાં પણ આવેલ ન હોઈ પુરતા પુરાવાનો અભાવ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

(૧૪) આ સંદર્ભે અત્રેની અદાલત નામદાર બોમ્બે હાઈકોર્ટના ***<u>સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂદ્ધ ઓનકાર મનીક પાટીલ</u>*** ના કેસમાં ***<u>૧૯૭૯ ક્રિમીનલ લો રીપોર્ટર મહારાષ્ટ્ર ૪૨૧</u>*** ઉપર પ્રસિદ્ધ થયેલ ચુકાદામાં એવું અવલોકન કરેલ છે કે " જયારે પંચ સાહેદ દ્વારા પંચનામાને સમર્થન મળતું ન હોય તેવા સંજોગોમાં ફરીયાદીને પણ સોગંદ ઉપર તપાસવાથી ન્યાયનો હેતુ પાર પાડી શકાય નહી. " હાલના કામે મુદ્દામાલ કબજે કરેલ હોવા બાબતનું પંચનામું કરવામાં આવેલ છે, પરંતુ સ્વતંત્ર પંચોની સોગંદ ઉપરની જુબાની ઉપરથી ફરીયાદ પક્ષ સદર પંચનામાની હકીકતો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે અને તે સંજોગોમાં હાલના કામે ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત ધ્યાને રાખતાં, પોલીસ સાહેદના પુરાવાનું કોઈ વિશેષ મુલ્ય રહેતું નથી અને હાલના કેસના ગુણદોષ ઉપર તેની કોઈ અસર પડે તેમ જણાતું નથી. આમ, તમામ ચર્ચા કર્યા અનુસાર હાલના કેસમાં ફરીયાદ મુજબનો આક્ષેપિત મુદ્દામાલ આ કામના આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવેલાની ફરીયાદની હકીકતો ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી અને ફરીયાદ પક્ષે જે કાર્યવાહીથી આરોપી પર ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે તે ફરીયાદ પક્ષે નિઃશંકપણે સાબિત થયેલ નથી અને તે સંજોગોમાં આરોપી વિરૂદ્ધ આક્ષેપાયેલ સજાનેપાત્ર ગુનો કરેલ હોવાનું પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સદંતર નિષ્ફળ નીવડેલ હોઈ તે શંકાનો

લાભ આરોપીને મળવાપાત્ર હોઈ આરોપીને સજા થઈ શકે નહી તેમ મારૂં માનવું છે અને તે સંજોગોમાં મુદ્દા નં.(૧)નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદ્દા નં.(૨) પરત્વેનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## **–: <u>આખરી હુકમ :–</u>**

(૧) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) અન્વયે આ કામના આરોપી **વિનોદકુમાર સ/ઓ પ્રકાશચંદ સ/ઓ ભગારામ સાહુ(વિશ્નોઈ) નાઓને પ્રોહીબીશન એકટની કલમ ૬૫એઈ, ૧૧૬(૨),૯૮(૨),** મુજબના સજાને પાત્ર ગુનામાંથી પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧(૧)ની જોગવાઈઓ અન્વયે દરેક આરોપીએ રૂ.૧૦,૦૦૦/– (રૂપિયા દસ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કર્યેથી હાલના કામે અપીલ સમય દરમ્યાન તેઓને જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે કરેલ મુદ્દામાલ સ્વીફટ ગાડી તથા મોબાઈલ નંગ.૪ અંગે અગાઉ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે હુકમ બીનશરતી કાયમ રાખવો. જો આવો કોઈ હુકમ કરવામાં આવેલ ના હોય તો સદર મુદ્દામાલના સ્વીફટ ગાડી તથા મોબાઈલ નંગ.૪ તેના મૂળ માલિકની ખરાઈ કરી ત.ક.અધિકારીશ્રીએ સદર મુદ્દામાલ તેના મૂળ માલિકને પરત કરવો.

(૪) આ કામે કબજે કરેલ મુદ્દામાલ વિદેશીદારૂ અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

હુકમ આજ રોજ તા.૦૧/૦૪/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : દિયોદર
તારીખ:૦૧/૦૪/૨૦૨૬

(રાજેન્દ્ર ઘનશ્યામભાઈ બારોટ)
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
દિયોદર, બનાસકાંઠા.
કોડનં.જીજે.૦૦૫૭૨